# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 16-05-2026** **EVENING: 7.10 TO 7.20**
**Day : SATURDAY** **Regional News**

**આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર હિના મોદી વાંચે છે.**

****************************************************

1) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે અમદાવાદ અને ગાંધીનગરના વિવિધ વિકાસકાર્યોની સમીક્ષા કરી.

2) ગાંધીનગર લોકસભા વિસ્તાર હેઠળ આવતા વૉર્ડના તળાવના આંતર-જોડાણનું કામ ઝડપથી પૂર્ણ કરવા શ્રી શાહની અધિકારીઓને સૂચના.

3) **ગાંધીનગર લોકસભા વિસ્તારને હરિયાળી લોકસભા બનાવવાના સંકલ્પ સાથે આ વર્ષે એક કરોડથી વધુ રોપાઓનું વાવેતર કરવાનો લક્ષ્યાંક.**

4) સૂર્યપુત્ર શનિશ્વર દેવની જયંતિની આજે ભવ્ય ઉજવણી.

5) રાજ્યમાં ત્રણ દિવસ બાદ ગરમીમાંથી રાહત મળવાની શક્યતા.

6) IPL ક્રિકેટમાં આજે કોલકાતા નાઈટ રાઈડર્સ અને ગુજરાત ટાઈટન્સ વચ્ચે મુકાબલો.

……………………………………………………

સમાચારને અંતે (આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)
હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# AMIT SHAH STATE VISIT

**કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે રાજ્યના પ્રવાસ દરમિયાન અમદાવાદ અને ગાંધીનગરના વિવિધ વિકાસકાર્યોની સમીક્ષા કરી. અમદાવાદમાં SG હાઇવે નજીક દક્ષિણ-પશ્ચિમ ઝૉનની કચેરી ખાતે ગાંધીનગર લોકસભામાં ચાલતા વિકાસકાર્યો અને વૃક્ષારોપણ અંગે અમદાવાદ અને ગાંધીનગરના ઉચ્ચ અધિકારીઓ સાથે શ્રી શાહે બેઠક યોજી તેમને જરૂરી સૂચન આપ્યા. બપોર બાદ શ્રી શાહે અખંડાનંદ અને સસ્તું સાહિત્ય મુદ્રણા-લય ટ્રસ્ટની કામગીરીની સમીક્ષા પણ કરી હતી.**

## (VOICECAST: PRAVESH ADIACHA)

(.... કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે રાજ્યના બે દિવસના પ્રવાસનો પ્રારંભ અમદાવાદથી કર્યો. તેમણે અમદાવાદમાં શ્રેણીબદ્ધ બેઠક યોજી વિવિધ વિકાસકાર્યોની સમીક્ષા કરી. તેમણે સરખેજ-ગાંધીનગરના આધુનિકીકરણને લઈ પોલીસ કમિશનર અને મહાનગરપાલિકાના કમિશનર સહિતના ઉચ્ચ અધિકારીઓ તેમજ ગાંધીનગર લોકસભા હેઠળ આવતા ઘાટલોડિયા, ગોતા, ચાંદલોડિયા, થલતેજ સહિતના વૉર્ડના તળાવના આંતર-જોડાણ અંગે ઉચ્ચ અધિકારીઓ સાથેની બેઠકમાં કામોની સમીક્ષા કરી. શ્રી શાહે આ કામગીરી ઝડપથી કરવા અધિકારીઓને સૂચના આપી હતી. ઉપરાંત શ્રી શાહે ગાંધીનગર લોકસભામાં આવતા મહાનગરપાલિકાના 70 નવનિયુક્ત કાઉન્સિલર સાથે બેઠક કરી. તેમજ લોકોની સમસ્યાઓ અને રજૂઆત અંગે અધિકારીઓ સાથે યોગ્ય સંકલન કરવા અંગે શ્રી શાહે કાઉન્સિલરોને માર્ગદર્શન આપ્યું. શ્રી શાહે નારણપુરા, ઘાટલોડિયા, વેજલપુર અને સાબરમતી વિધાનસભા વૉર્ડના નવનિયુક્ત કોર્પોરેટરો સાથે મુલાકાત કરી.

ઉપરાંત શ્રી શાહે ગાંધીનગરની માણસા નગરપાલિકામાં વિકાસકાર્યો ઝડપથી પૂર્ણ કરવા ઉપરાંત હૉસ્પિટલ અને જૂની હૉસ્પિટલના સમારકામ માટે પણ ઉચ્ચ અધિકારીઓને સૂચના આપી છે. સાથે જ તેમણે ગાંધીનગર લોકસભા હેઠળ આવતી સાર્વજનિક હૉસ્પિટલમાં તમામ લોકોને સારી સુવિધા મળે તેના પર ભાર આપ્યો હતો. ઉલ્લેખનીય છે કે, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આવતીકાલ સુધી રાજ્યના પ્રવાસે છે.

પ્રવેશ અડિએચા, આકાશવાણી સમાચાર, અમદાવાદ.

# AMIT SHAH GREEN COVER

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ગાંધીનગર લોકસભા વિસ્તારને હરિયાળી લોકસભા બનાવવાના સંકલ્પ સાથે વર્ષ 2026-27માં વિશાળ સ્તરે વૃક્ષારોપણ અભિયાન હાથ ધરવા આહ્વાન કર્યું. આ વર્ષે એક કરોડથી વધુ રોપાઓનું વાવેતર કરવાનો લક્ષ્યાંક રખાયો છે. આ માટે નાગરિકોને સહભાગી બનાવવા નિઃશુલ્ક રોપાનું વિતરણ કરાશે. તેમજ ટેનામેન્ટ, રૉ-હાઉસ અને બંગલા ધરાવતા પરિવારોને એક છોડ અપાશે. ઉપરાંત, અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા 25 લાખ અને ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા પાંચ લાખ 42 હજારથી વધુ વૃક્ષો વાવવામાં આવશે.

અમદાવાદમાં યોજાયેલી બેઠકમાં આ અભિયાન અંતર્ગત શ્રી શાહે વધુને વધુ વૃક્ષારોપણ  દ્વારા આગામી પેઢી માટે સ્વચ્છ હવા, પાણી અને હરિયાળું પર્યાવરણ ઉપલબ્ધ કરાવવાનો વિશ્વાસ વ્યક્ત કર્યો. ઉચ્ચસ્તરની બેઠકમાં શ્રી શાહે સંબંધિત વિભાગોના વરિષ્ઠ અધિકારીઓ સાથે આયોજનની સમીક્ષા પણ કરી હતી.

# CS MEETING

મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ ડૉ.જયંતિ રવિએ  તમામ જિલ્લાના ડિઝાસ્ટર મામલતદાર-DPO સાથે ગાંધીનગરથી વીડિયો કોન્ફરન્સ યોજી ચોમાસાની પૂર્વ તૈયારીની સમીક્ષા કરી. તેમણે ચોમાસાને ધ્યાનમાં રાખીને આગામી 15 દિવસમાં હીટવેવ, પૂર વગેરે આપત્તિ સંબંધિત વિવિધ કવાયત તાલુકાસ્તરે હાથ ધરવા સૂચના આપી.

આ અંગે સુશ્રી  રવિએ  દરિયાકિનારાના જિલ્લામાં સ્થાનિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખી વિશેષ કવાયત યોજવા પર ભાર આપ્યો. ઉપરાંત તેમણે જેતે  વિસ્તારમાં આવતા જોખમી સ્થળો, મોટી દુર્ઘટના ટાળી શકાય તે માટે જૂના ઘરનું અત્યારથી જ યોગ્ય મેપિંગ કરીને પગલાં લેવા ઉપરાંત રાજ્યમાં જિલ્લા અને તાલુકા કક્ષાએ ડિઝાસ્ટર સંદર્ભે જે જગ્યાઓ ખાલી હોય તે પણ ઝડપથી ભરવા સંબંધિતોને તાકીદ કરી હતી

# SHANI JAYANTI

સૂર્યપુત્ર શનિશ્વર દેવની જયંતિની આજે ઉજવણી થઈ રહી છે. આજે શનિવાર, અમાસ અને શનિજયંતી ત્રણેય એકજ દિવસે આવતા શુભ સંયોગ રચાયો. આજના પાવન દિવસે બોટાદમાં પાંડવકાલિન નવહથ્થા હનુમાનજી મંદિરમાં એકસાથે 42 મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવી. શનિ જયંતિએ નવગ્રહ શાંતિ મંદિર ભક્તિ અને આસ્થાનું અનોખું કેન્દ્ર બની રહ્યું. આ અનોખા અને ઐતિહાસિક ધાર્મિક પ્રસંગની ગોલ્ડન વર્લ્ડ બુક ઑફ રેકોર્ડ દ્વારા પણ નોંધ લઈ મંદિર ટ્રસ્ટને સન્માનપત્ર અર્પણ કરાયું. આ અંગે મહંત શ્રી નિર્મળાનંદ સરસ્વતિજીએ પ્રતિક્રિયા આપી.

(BYTE: MAHANT NIRMALANAND SARASWATI)

બીજી તરફ, સુપ્રસિદ્ધ સાળંગપુર કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિરમાં હનુમાન દાદાને આજે શનિવાર નિમિત્તે ફૂલોનો વિશેષ શણગાર કરાયો. તેમજ દાદાને ચાંદીનો મુગટ અને વાઘાં પણ અર્પણ કરાયા.

પોરબંદરના બગવદરથી અંદાજે 12 કિમી દૂર આવેલા હાથલા ગામના પાવન સ્થળ પર ભક્તોની ભારે ભીડ જોવા મળી. શાસ્ત્રોક્ત માન્યતા મુજબ, ભગવાન શનિદેવનો આ સ્થળ પર જન્મ થયો હોવાનું મનાય છે. અહીં શનિદેવ બાળ સ્વરૂપે બિરાજમાન હોવાથી મહિલાઓને પણ ગર્ભગૃહમાં જઈ દર્શન કરવાની વિશેષ મંજૂરી છે. આ અંગે શનિ મંદિરના પૂજારી  મગનગિરિ ગોસ્વામીએ વધુ માહિતી આપી

બાઇટ - મગનગિરિ ગોસ્વામી ( શનિ મંદિર ના પૂજારી )

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **Youtube** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ **newsonair.gov.in/**સ્લેશ**/GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલોં કરશો.

**(ગોન્ગ મ્યુઝિક)**

---------------------------------------------------------------------------

**DESK**

# REV STATE WEATHER

રાજ્યમાં આગામી ત્રણ દિવસ ગરમી યથાવત્ રહેવાની સંભાવના છે. હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે કહ્યું, આગામી 19 તારીખ બાદ ગરમીમાંથી રાહત મળી શકે છે. દરમિયાન રાજ્યમાં હાલ ક્યાંય પણ હીટવેવ એટલે કે, ઉષ્ણ લહેરની કોઈ સંભાવના નથી.

(BYTE: RAMASHRAY YADAV, SCIENTIST, IMD AHMEDABAD)

ઉલ્લેખનીય છે કે, ગત 24 કલાકમાં સૌથી વધુ 42 ડિગ્રી સેલ્સિયસ તાપમાન અમદાવાદ, વલ્લભ વિદ્યાનગર અને રાજકોટમાં નોંધાયું છે. આ ઉપરાંત અમરેલી, સુરેન્દ્રનગર અને ગાંધીનગરમાં 41 ડિગ્રી સેલ્સિયસ તાપમાન રહ્યું છે.

# SOU AC FOR ANIMALS

નર્મદામાં સ્ટેચ્યૂ ઓફ યુનિટી નજીક જંગલ સફારીમાં ઉનાળાની ગરમીને ધ્યાને રાખી પ્રાણીઓ અને પક્ષીઓની વિશેષ સંભાળ રાખવામાં આવી રહી છે. પ્રાણીઓ માટે એસી સહિતની સુવિધા કરવામાં આવી હોવાનું એકતાનગર જંગલ સફારીની નિદેશક વિપુલ ચક્રવર્તીએ જણાવ્યું.

**(BYTE: VIPUL CHAKRABORTY, DIRECTOR, JUNGLE SAFARI, EKTA NAGAR)**

# IPL TODAY MATCH

ઇન્ડિયન પ્રીમિયર લીગ – IPLમાં આજે કોલકાતા નાઈટ રાઈડર્સ અને ગુજરાત ટાઈટન્સ વચ્ચે મુકાબલો થશે. કોલકાતાના ઈડન ગાર્ડન્સમાં હમણાં સાડા સાત વાગ્યે આ મેચ શરૂ થશે. હાલમાં મળતા અહેવાલ મુજબ, શુબમન ગિલની આગેવાની હેઠળની ગુજરાતની ટીમે ટોસ જીતીને બોલિંગ પસંદ કરી છે.

લગભગ એક મહિના પછી કોલકાતાની ટીમ તેના ઘરઆંગણે મેદાનમાં ઉતરશે. આ સ્પર્ધામાં ટકી રહેવા કોલકાતા એડીચોટીનું જોર લગાવશે. જ્યારે ગુજરાતની ટીમની નજર પોઈન્ટ ટેબલમાં ટોચના બે ક્રમમાં સ્થાન મેળવવા પર રહેશે.

પોઈન્ટ ટેબલમાં હાલ અજિંક્યા રહાણેની આગેવાની હેઠળની કોલકાતાની ટીમ હાલ આઠમા ક્રમે છે.

# ASIAN WEIGHTLIFTING

ગાંધીનગરમાં યોજાયેલી એશિયન વેઇટલિફ્ટિંગ ચેમ્પિયનશિપમાં, ભારતના સંજનાએ મહિલાઓની 77 કિલો શ્રેણીમાં ત્રણ કાંસ્ય ચંદ્રક જીત્યા છે. સંજનાએ સ્નેચમાં 96 કિલો, ક્લીન એન્ડ જર્કમાં 124 કિલો અને કુલ 220 કિલો વજન ઉપાડીને આ સિદ્ધિ મેળવી.

# DISTRICT COORDINATION COMMITTEE

રાજયમાં વિવિધ જિલ્લાઓમાં જિલ્લા સંકલન સહ ફરિયાદ નિવારણ સમિતિની બેઠક યોજાઈ. તે અંતર્ગત મહેસાણામાં ઉર્જા મંત્રી ઋષિકેશ પટેલની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં રજૂ થયેલા પ્રશ્નોમાં એસ.ટી. બસ, પાણીની સુવિધા, પાણીની ટાંકીઓ બનાવવા, નહેરોની સફાઈ, જળસંચય, ટ્રાફિક વ્યવસ્થા સહિત પ્રાથમિક અને માળખાકીય સુવિધાઓ અંગે ચર્ચા કરી. નિવારણ કરાયું.

વડોદરામાં કલેકટર અનિલ ધામેલીયાએ પડતર પ્રશ્નો તાકીદે પૂર્ણ કરવા તેમજ નાગરિકની સમસ્યાઓનું નિરાકરણ લાવવા સૂચનો આપ્યા.

મહીસાગરની બેઠકમાં ધારાસભ્યોએ પોતાના વિસ્તારના નાગરિકોની સુખાકારી, પ્રાથમિક સુવિધાઓ અને અન્ય પ્રજાહિતલક્ષી પ્રશ્નો અંગે હકારાત્મક અભિગમ દાખવવા, તેના ઝડપી અને યોગ્ય ઉકેલ માટે સંબંધિત વિભાગના અધિકારીઓને જરૂરી સૂચનો અને માર્ગદર્શન આપ્યું.

બનાસકાંઠામાં જિલ્લા કલેકટર મિહિર પટેલે બેઠકમાં ચોમાસા પૂર્વેની કામગીરી ઝડપથી પૂર્ણ કરવા ભાર આપ્યો. બેઠકમાં પાણી પુરવઠા, વન વિભાગ, રોડ - રસ્તા, તાલુકાકક્ષાએ મંજૂર થયેલી નવી એસ.ટી બસ મથકની કામગીરી તત્કાલિક પૂર્ણ કરવા સૂચના અપાઈ.

નર્મદામાં યોજાયેલી બેઠકમાં સાંસદ મનસુખ વસાવાએ દેડિયાપાડા બોગજ-કુલસર માર્ગ મુખ્યમંત્રી ગ્રામસડક યોજના, ખેડૂતોના પડતર દાવા-અરજીઓના નિકાલ, ગેરકાયદેસર રેતી ખનનની પ્રવૃત્તિઓ સહિતના પ્રશ્નો અંગે સંબંધિત અધિકારીઓ સાથે વિગતવાર ચર્ચા કરી.